જીગર Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 22 DATE: 16- 02 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ ચૌદસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# ગુજરાતમાં ૫ વર્ષમાં દલિત-આદિવાસીઓ ઉપર અત્યાચારની ૧૯૦૦૦થી વધુ ઘટનાઓ નોંધાઈ

ગુજરાતમાં સલામતીના ગાણાં ગવાઈ રહ્યાં છે, ત્યારે આજે પણ દલિત અને આદિવાસીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથડતી હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર અત્યાચારના કિસ્સા વધી રહ્યા છે. છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને ૧૯ હજારથી વધુ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ પરથી જ એ વાત સાબિત થાય છે કે, દલિતો અને આદિવાસીઓને હક્કો અને સુરક્ષા આપવામાં રાજ્ય સરકાર સદંતર નાકામ રહી છે.

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં દલિતો પર અત્યાચારની કુલ ૧૩,૬૨૯ ઘટનાઓ બની છે. જે દર્શાવે છે કે, રાજ્યમાં દરરોજ સરેરાશ ૩થી વધુ દલિતો અત્યાચારનો ભોગ બની રહ્યા છે. જ્યારે આદિવાસીઓ પર અત્યાચારની કુલ ૩,૫૫૩ ઘટનાઓ નોંધાઈ છે.

આ પરથી એ વાત પ્રસ્થાપિત થઈ છે કે, ભાજપ સરકાર દલિત અને આદિવાસીઓને બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ રહી છે. એસસી-એસટી પર વધી રહેલી અત્યાચારની ઘટનાઓ રાજ્ય માટે કલંક સમાન છે ત્યારે આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુનાઓના છે, જ્યારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ તો પોલીસ ચોપડે નોંધાતાં જ નથી.

ભાજપ શાસનમાં ગુજરાતના આદિવાસી સમાજ પર પણ અત્યાચારોનો આંકડો સતત વધી રહ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં આદિવાસીઓ પર અત્યાચારના કુલ ૧૫૯૦ નવા કેસ નોંધાયા છે, જ્યારે અત્યાચારના કુલ ૩,૫૫૩ કેસના ટ્રાયલ બાકી છે. ટૂંકમાં દર ૪૮ કલાકે એક આદિવાસી ભાઈ-બહેન પર અત્યાચાર કે હુમલો થઈ રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, ગુનેગારોને સજા અપાવવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે. છેલ્લા ૩ વર્ષમાં એસટી અત્યાચારના કેસોમાં સજાનો દર ૧% કરતાં પણ ઓછો છે.

ગુજરાતમાં અમદાવાદ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, જૂનાગઢ જિલ્લામાં દલિતો પર વધુ અત્યાચારના કેસો નોંધાયા છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેક્રેર જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અધિકારો માટે ૧૫ હજારથી વધુ જનજાગૃતિ કાર્યક્રમો યોજાયાં પણ ગુજરાતની 'સંવેદનશીલ' ગણાતી સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં



માત્ર છ કાર્યક્રમનું આયોજન કર્યુ અને વર્ષ ૨૦૨૦માં તો એક પણ કાર્યક્રમ કરવાની તસ્દી લીધી નથી. આ સ્પષ્ટપણે ભાજપની દલિત અને આદિવાસી વિરોધી માનસિકતા છતી કરે છે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485




## અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલનું અકસ્માતે નિધન થતા સમગ્ર પંથકમાં શોકની લાગણી



અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલનું અકસ્માતે નિધન થતા અંકલેશ્વર શહેર અને સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેઓ મૃદુભાષી, સરળ સ્વભાવના અને સૌને સાથે લઈ ચાલનાર હતા.

તેઓ અંકલેશ્વરના મોટવણ ગામના વતની હતા. અંકલેશ્વરના સર્વાંગી વિકાસ માટે તેમનો દ્રઢ સંકલ્પ, લોકહિતના અનેક કાર્ય અને સેવાભાવી વ્યક્તિત્વ સદાય પ્રેરણાસ્ત્રોત બની રહેશે.સમાજ જીવનમાં તેમની નિષ્ઠા, સાદગી અને કાર્યપ્રવૃત્તિ અમિત છાપ છોડી ગઈ છે.

તેમની અંતિમ યાત્રા તેમના વતન મોટવાન ગામથી નીકળી હતી. ખુબ મોટી સંખ્યામાં લોકોએ તેમની અંતિમ યાત્રામાં ભાગ લીધો હતો. ગુજરાત રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભાજપના પ્રદેશ કારોબારી ના સભ્ય મારૂતીસિંહ અટોદરિયા, ભાજપના ભરૂચ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી તેમજ મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

તેમની બંને દીકરીઓએ તેમને મુખાગ્નિ આપ્યો હતો.

ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code: ASME, TEMA, API-650.


Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge


Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com

CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS

Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator

Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901

- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

# મોસમ હૈ આશિકાના

શિયાળો દરરોજ રાત્રે પાછો ફરે છે ને દિવસે વાસંતિક તડકો તબક્કાવાર તીવ્ર થતો જાય છે. દ્વિમોસમ એક અનારોગ્યને લખેલી આદમ કદની કંકોતરી છે. ઘડીક શિયાળો અને ઘડીક ઉનાળો - આ ક્લાઈમેટ ચેઈન્જની રમત છે અને આ રમત જ આગળ જતાં જીવલેણ નીવડવાની હોય છે. પ્રજાનો શિયાળા માટેનો રોમાંચ ઓછો થઈ ગયો છે. ખરેખર તો શિયાળો અદભુત તંદુરસ્તીની મોસમ છે તો પણ આ વખતે સમગ્ર ભારતમાં જેની નોંધ ન લેવાય એવી નાની મોટી બીમારીઓના લાખો કેસો હોસ્પિટલોની પ્રદક્ષિણા કરતા જોવા મળ્યા છે. એનું એક બીજું કારણ એ છે કે એક તો નાગરિકોની સરેરાશ રોગપ્રતિકારક ક્ષમતા એટલે કે ઈમ્યુનિટી ઘટી ગઈ છે. ગુજરાતી પ્રજા જંકફૂડ અને ફાસ્ટફૂડ દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરીને પોતાના આરોગ્યનું લીલામ કરતી જોવા મળે છે.

પહેલાંની તુલનામાં લોકોનો આહાર શુદ્ધિ માટેનો આગ્રહ વધ્યો છે. એને કારણે દેશનાં વિવિધ રાજ્યોની મહાપાલિકાના મોટા પેટવાળા ફૂડ ઈન્સ્પેક્ટરોએ દરોડાઓ પણ વધારી દીધા છે અને દરરોજ લાખો ટન અખાદ્ય સામગ્રીનો વિનાશ કરવામાં આવે છે. દેશમાં કેટલીક બ્રાન્ડેડ કંપનીઓના આઉટલેટ પરથી પણ વાસી, પડતર અને ફેંકી દેવાપાત્ર સામગ્રીઓ ઝડપાઈ રહી છે. એનો અર્થ એ છે કે ખાણીપીણીમાં કોઈપણ બ્રાન્ડ ભૂલચૂકથી મુક્ત નથી અને બ્રાન્ડનો અર્થ એ નથી કે એનો આહાર શુદ્ધ હશે. આપણી પ્રજામાં આહારનું મૂલ્યાંકન કરવા માટેનાં ધોરણો સ્વતંત્ર રીતે છે જ નહીં. સરકાર પાસે આગવું વ્યવસ્થા તંત્ર છે, પરંતુ ગુજરાતી પ્રજાને ખાણીપીણી પર કોઈ સલાહ આપે એ ગમતું નથી. ગુજરાતમાં એક નંબરનો અને બે નંબરનો જે મેડિકલ ઉદ્યોગ ધમધમે છે તેના મૂળ કારણમાં પ્રજાની આહાર અંગેની મૂર્ખતા જ જવાબદાર છે.

મોસમે આ વખતે બે વખત મોકાના સમયે પલટો મારેલો છે. પંદરેક દિવસ પહેલાં જ્યારે શિયાળો પૂરો થવા આવ્યો અને ઠંડી ધીમી પડી ત્યારે એકાએક પૂંછડી પછાડીને શિયાળાએ ફૂંફાડો માર્યો હતો તેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની આમ્રકુંજો પરથી કેરીના ફૂલ જેને મોર કહેવાય છે એ અઢળક માત્રામાં ખરી પડયા. હમણાં ત્રણચાર દિવસથી ફરી જે રાતભર ઠંડક વધી છે એને કારણે બાકી રહેલા મોર અને કેટલાક કેરીનાં નાના ફળ જેને આમડી કે ખાકટી કહેવાય તે પણ ખરવા લાગ્યાં છે. બાગાયતી કિસાનો અને કેરીના બગીચાના ઈજારદારોએ આ બદલાયેલી દ્વિમોસમમાં શેર બજારમાં ધોવાયેલા રોકાણકારો જેમ જ રડવાનો વારો આ વરસે આવી શકે છે. આનું મૂળ કારણ જોકે વાતાવરણના અકલ્પિત પલટાઓ છે.

સાંસ્કૃતિક બાબતોમાં જે ગુજરાત વિશ્વભરમાં એના રાસ-ગરબાથી ઓળખાય છે, એ જ ગુજરાત એક જમાનામાં ખાણીપીણીમાં બાજરાના રોટલા, ઊંધિયાનું શાક કે ફાફડા-જલેબીથી ઓળખાતું હતું. સરકારે મિલેટ તરફ પ્રજાને વાળવા માટે ઘણા ઉત્પાત મચાવેલા છે. મિલેટનો અર્થ થાય છે બરછટ ધાન્ય. હિન્દીમાં એને મોટા અનાજ તરીકે ઓળખવામાં આવે છે. આ કેટેગરીમાં બાજરો, જવ, કાંગ, સામો - એ પ્રકારના ધાન્યનો સમાવેશ થાય છે. જુવાર પણ આ જ કેટેગરીમાં આવે છે. વિશ્વભરના આરોગ્ય નિષ્ણાતો ઘણી સદીઓ પછી હવે મિલેટ તરફ પાછા ફર્યા છે.

અમદાવાદથી જમ્મુ-તાવી ટ્રેનમાં બેસો એટલે ત્રીજા દિવસે સવારે હિમાલયના ધવલ ગિરિશિખરોનો સૌન્દર્ય મંડિત સાક્ષાત્કાર થાય. હિમાલયની જાળવણી કરવામાં સરકારે હિમાલય જેવડી ભૂલો કરેલી છે. તળેટીના જંગલોની ઔષધિઓ કોર્પોરેટ સન્યાસીઓએ લૂંટી લીધી છે. ત્યાં નવા વાવેતર કરવાની કોઈને પડી નથી. આ વખતની ભારે બરફવર્ષાને કારણે નગાધિરાજ પર બરફના નવા થર બાઝયા છે, પરંતુ સરેરાશ દરેક દાયકે એ શ્વેત ચાંદની સરીખા પડળ આછા થતાં જાય છે એ ચિંતાનો વિષય છે.

ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના હિમ ખંડો પીગળતા એની નજીકના દેશોમાં નદીઓ પ્રલયકારી થઈ અને કાંઠાળ પ્રદેશોનું ભારે ધોવાણ થયું. આ વખતે તો ભારે હિમવર્ષા થઈ. યુરોપ અને અમેરિકામાં શિયાળાએ પોતાનું આક્રમક સ્વરૂપ પ્રદર્શિત કર્યું. ભારતમાં હિમાલય એ ખરેખર તો દુનિયાનો ત્રીજો ધ્રુવ પ્રદેશ છે. ભવિષ્યમાં ગમે ત્યારે વધી રહેલા ઉષ્ણતામાનને કારણે હિમાલયનો બરફ પણ એના નિયત ક્રમ કરતાં વધારે પીગળી શકે છે અને તો ઉત્તર ભારતથી દક્ષિણ તરફ વહેતી તમામ નદીઓમાં તોફાની પૂર આવી શકે છે. આ પ્રકારનું પૂર મુખ્યત્વે ઉનાળામાં આવવાની સંભાવના હોય છે, જ્યારે આકાશમાં એક પણ વાદળ ન હોય. ત્યારે નદીઓ હર્ષઘેલી થઈને વહેવા લાગે છે.

# ધ્વનિ પ્રદુષણ પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે



**પક્ષીઓ માટે ધ્વનિ માત્ર એક અવાજ નહીં પણ તેમના સમગ્ર અસ્તિત્વનો આધાર છે. તેમની અસ્તિત્વ, સંચાર, પ્રજનન, દિશા નિર્દેશન અને બીજી ઘણી બાબતો ધ્વનિ ઉપર આધાર રાખે છે. વર્તમાન સમયમાં સ્થિતિ એવી થઈ છે કે, જેમ જેમ શહેરોમાં શોરબકોર વધતો ગયો છે, માનવીય કામગીરીઓ વધી રહી છે તેમ તેમ પર્યાવરણ ઉપર વિપરિત અસર પડતી રહી છે : પક્ષીઓ અવાજ દ્વારા જ એકબીજા સાથે કોમ્યુનિકેટ કરતા હોય છે. તેમના અવાજમાં રહેલી તીવ્રતાના આધારે જ તેમનો પ્રેમ, તેમનો વિરોધ, તેમનો ભય, તેમનો સંકેત, પોતાના વિસ્તારનું રક્ષણ, સામાજિક માળખું, પરિવારની ઓળખ બધું જ સંકળાયેલું હોય છે. આજનો ઘોંઘાટ આ બધું જ વેરવિખેર કરી રહ્યો છે : પક્ષીઓ તેમના અવાજ, ગાયન અને નર્તન દ્વારા તેમના મેટિંગ માટે સાથીની પસંદગી કરતા હોય છે. ચારેતરફ ઘોંઘાટ વધી ગયો છે. તેના કારણે પક્ષીઓને પોતાના અવાજ અને ગાયનમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. આ પરિવર્તન તેમની સમસ્યાનો કામચલાઉ ઉકેલ બની શકે છે પણ તેની મધુરતા અને પ્રભાવ ઘટી ગયા છે**

શહેરીકરણ અને ટેક્નોલોજીના વિકાસની જે દોડ ચાલી રહી છે તેમાં આજે દુનિયા ઘણા આગળ નીકળી ગઈ છે. આ વિકસતા જતા વિશ્વમાં જે સમસ્યાઓ સર્જાઈ રહી છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. વિકાસના પથ ઉપર દોડતી દુનિયા દ્વારા ચારેતરફ વિવિધ પ્રકારનું પ્રદુષણ ફેલાવવામાં આવ્યું છે. દુનિયાની આ ઝડપમાં એક એવું પ્રદુષણ વધ્યું છે જેની હજી પણ ધરાર અવગણના થઈ રહી છે, તે છે ધ્વનિ પ્રદુષણ. દુનિયાભરમાં ધ્વનિ પ્રદુષણની સમસ્યા ગંભીર રીતે વકરી રહી છે પણ તેના નિવારણ અંગે ખાસ પગલાં લેવામાં આવતા નથી. આ એક એવું પ્રદુષણ છે જેના અવશેષો દેખાતા નથી પણ ધીમે ધીમે તેની અસર વ્યાપક થતી જાય છે અને તેનાથી થતા નુકસાન પણ દૂરોગામી હોય છે. આ નુકસાન સમગ્ર પારિસ્થિતિક તંત્રને અસંતુલિત કરી નાખે છે. પર્યાવરણને તેનાથી જે નુકસાન થાય છે તે આપણે કલ્પી પણ શકતા નથી.

જાણકારોના મતે ધ્વનિ પ્રદુષણની સૌથી મોટી અસર પક્ષીઓને થઈ છે. પક્ષીઓનું સમગ્ર જીવન ધ્વનિ ઉપર આધારિત છે.

પક્ષીઓ માટે ધ્વનિ માત્ર એક અવાજ નહીં પણ તેમના સમગ્ર અસ્તિત્વનો આધાર છે. તેમની અસ્તિત્વ, સંચાર, પ્રજનન, દિશા નિર્દેશન અને બીજી ગણી બાબતો ધ્વનિ ઉપર આધાર રાખે છે. વર્તમાન સમયમાં સ્થિતિ એવી થઈ છે કે, જેમ જેમ શહેરોમાં શોરબકોર વધતો ગયો છે, માનવીય કામગીરીઓ વધી રહી છે તેમ તેમ પર્યાવરણ ઉપર વિપરિત અસર પડતી રહી છે. શહેરોની આસપાસ પ્રાકૃતિક વાતાવરણ નષ્ટ થઈ ગયું છે અને નષ્ટ થઈ રહ્યું છે. તે ઉપર જ સમગ્ર સજીવ સૃષ્ટિ ટકેલી છે અને પક્ષીઓનું જીવન પણ તેનો જ એક ભાગ છે.

આપણી આસપાસ કોયલના ટહુકા સંભળાતા હતા, મોરના ટહુકા સંભળાતા હતા, ચકલીઓની ચીં..ચીં..ના સ્વર આવતા હતા, કાબરોનો કલબલાટ થતો હતો. તે સિવાય મેના, પોપટ, કબુતર, હોલા, કાગડા, બુલબુલ અને બીજા ઘણા પક્ષીઓ આપણી આસપાસ વસતા હતા. તેમનો અવાજ આપણને મંત્રમુગ્ધ કરતો હતો અને તેમના અસ્તિત્વને ટકાવી રાખતો હતો. તેઓ આ અવાજ દ્વારા જ એકબીજા સાથે કોમ્યુનિકેટ કરતા હોય છે. તેમના અવાજમાં રહેલી તિવ્રતાના આધારે જ તેમનો પ્રેમ, તેમનો વિરોધ, તેમનો ભય, તેમનો સંકેત, પોતાના વિસ્તારનું રક્ષણ, અજાણ્યા ખતરા સામે સાવધાની, સામાજિક માળખું, પરિવારની ઓળખ બધું જ સંકળાયેલું હોય છે. પક્ષીઓના આ જ અવાજને આપણા કારખાનાઓ અને ફેક્ટરીઓના ઘોંઘાટે, ગાડીઓના ઘોંઘાટ અને વાહનોના હોર્નના અવાજે દબાવી દીધા છે. ચારેકોર એટલો કોલાહલ છે કે, પક્ષીઓ એકબીજાનો અવાજ સ્પષ્ટ રીતે સાંભળી શકતા જ નથી.

જાણકારોના મતે દરેક પક્ષી પોતાના હેબિટેટ પ્રમાણે ચોક્કસ અવાજ, તેની શૈલી, તેની મર્યાદા અને તેના લક્ષણો વિકસાવે છે. તેના દ્વારા જ તે કોમ્યુનિકેશન નેટવર્ક વિકસાવે છે.

હવે સ્થિતિ એવી થઈ રહી છે, વાહનોના કારણે ચારેકોર ટ્રાફિક વધી રહ્યો છે, બાંધકામ ચાલી રહ્યા છે, ઔદ્યોગિક મશિનો ઘોંઘાટ કરી રહ્યા છે, વિમાનોનો અવાજ આવી રહ્યો છે, શહેરી વિસ્તારોમાં કોલાહલ વધી રહ્યો છે તથા શહેરી વિસ્તારો ખસત ખસતા જંગલો ઘટાડી રહ્યા છે. આ શહેરી વિસ્તારોમાં જ પક્ષીઓ રહેવા મજબૂર બન્યા છે. તેના કારણે તેમનો અવાજ પણ દબાઈ ગયો છે. તેઓ જ્યારે એકબીજા સાથે વાત કરતા હોય છે ત્યારે બાહ્ય ઘોંઘાટના કારણે મુશ્કેલી સર્જાય છે. તેમનો સંવાદ અટકી જાય છે. તેના કારણે તેઓ એકબીજાને જે સંકેત આપવા માગે છે તે યોગ્ય રીતે પહોંચી શકતા નથી. આ મિસકોમ્યુનિકેશનની અસર માત્ર તે પક્ષી ઉપર નહીં પણ તેના સમગ્ર જીવનચક્ર અને તેની સાથે જોડાયેલા અન્ય પક્ષીઓ ઉપર પણ પડે છે. આ ઘોંઘાટ અને કોલાહલને કારણે ઘણા પક્ષીઓની પ્રજાતી વિલુપ્ત થઈ ગઈ અને ઘણાની પ્રજાતી વિલુપ્ત થવાના આરે આવી ગઈ છે.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, ધ્વનિ પ્રદુષણની અસર પક્ષીઓની પ્રજનન ક્ષમતા ઉપર પણ પડી છે. જાણકારોના મતે પક્ષીઓ તેમના અવાજ, ગાયન અને નર્તન દ્વારા તેમના મેટિંગ માટે સાથીની પસંદગી કરતા હોય છે. આ જોડીઓ બનાવવામાં તેમનો અવાજ સૌથી મોટી ભૂમિકા ભજવે છે. સાથીની પસંદગી, તેને સંવનન માટે આવકાર, મનાવવું, જોડી બનાવવી તે બધું જ અવાજની આપ-લે ઉપર આધાર રાખે છે. જાણકારોના મતે માદા પક્ષી તેવા જ નરની પસંદગી કરે છે જેનો અવાજ સ્પષ્ટ, જેનું ગીત મનમોહક અને શક્તિશાળી તથા જેની ફ્રિક્વન્સી લાંબા અંતર સુધી જતી હોય.

માદા પક્ષીઓ માને છે કે, આવા નર જ આનુવંશિક રીતે સારા ગુણો ધરાવતા બચ્ચાને જન્મ આપવા માટે અને મેટિંગ માટે સક્ષમ છે.

સ્થિતિ એવી થઈ છે કે, ચારેતરફ ઘોંઘાટ વધી ગયો છે. તેના કારણે પક્ષીઓને પોતાના અવાજ અને ગાયનમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. તેઓ હવે અવાજ ખૂબ જ ઉંચા સ્કેલ ઉપર લઈ જઈ રહ્યા છે અથવા તો તેમનું ગાયન ટુંકાવીને નર્તન ઉપર ભાર મુકવા મજબૂર બન્યા છે. તેમના દ્વારા કરવામાં આવેલું આ પરિવર્તન તેમની સમસ્યાનો કામચલાઉ ઉકેલ બની શકે છે પણ તેની મધુરતા અને પ્રભાવ ઘટી ગયા છે. તેના કારણે માદાઓની ઈંડા મુકવાની ક્ષમતાને પણ અસર થઈ છે.

પક્ષીઓના ઈંડાની સંખ્યા ઘટી રહી છે. તે સિવાય ઈંડામાંથી બચ્ચા નીકળવાની સમયમર્યાદા પણ વધી રહી છે ક્યાં ઘટી રહી છે. તે ઉપરાંત ઈંડા પણ ફલિત થઈને બચ્ચા આવશે જ તેવી શક્યતાઓ પણ ઘટવા લાગી છે. તેના કારણે ઘણી પ્રજાતીના પક્ષીઓની વસતીમાં મોટો ઘટાડો થયો છે.

બીજી ગંભીર અસર એ થઈ છે કે, પક્ષીઓમાં તણાવનું પ્રમાણ વધ્યું છે. ધ્વનિ પ્રદુષણના કારણે પક્ષીઓ શિકારીઓની ઓળખ કરી શકતા નથી, ભય અને ખતરાના આભાસને પામી શકતા નથી અને સતર્ક થઈ શકતા નથી અથવા કરી શકતા નથી. સામાન્ય રીતે પ્રાકૃતિક વાતાવરણમાં પાંદડાનો અવાજ, ડાળીઓનો અવાજ, અન્ય પક્ષીઓનો શોરબકોર અથવા તેમનો ભયનો સંકેત, ચેતવણી અથવા બચાવ માટેનો અવાજ પણ બાકીના પક્ષીઓને સતર્ક કરી દે છે. જેમ જેમ શહેરીકરણ વધ્યું છે, જંગલો ઘટયા છે અને ઘોંઘાટ વધ્યો છે તેમ તેમ પક્ષીઓનું આ સાંકેતિક નેટવર્ક ઘટયું છે. તેના પરિણામે પક્ષીઓને સતત સતર્ક રહેવું પડે છે. તેમની ઉંઘ, તેમના આરામ, તેમના ભોજન અને બાકીના કાર્યોમાં પણ તેની વિપરિત અસર જોવા મળી છે. સતત સતર્ક રહેવાના કારણે લાંબાગાળે તેમની ડિફેન્સિવ સિસ્ટમ ધીમી પડી રહી છે. ધ્વનિ પ્રદુષણના કારણે જ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે.


ઉલ્લેખનીય છે કે, માણસ દ્વારા ફેલાઈવાઈ રહેલું ધ્વનિ પ્રદુષણ અને કૃત્રિમ પ્રકાશનું પ્રદુષણ અને મોબાઈલ ટાવરના તરંગોના કારણે પણ પક્ષીઓને ખૂબ જ નુકસાન થયું છે. પક્ષીઓ મોટા ભારે રોજિંદા જીવનમાં પણ પોતાના સમગ્ર હેબિટેટમાં આમથી તેમ ઉડતા હોય છે અને ભોજન શોધતા હોય છે, સાથી શોધતા હોય છે અને જીવન પસાર કરતા હોય છે. તે ઉપરાંત શિયાળાના સમયમાં વ્યાપક પ્રમાણમાં વિદેશી પક્ષીઓ માઈગ્રેશન કરીને વિવિધ સ્થળોએ જતા હોય છે.


ભારતમાં પણ અનેક દેશોમાંથી પક્ષીઓ આવતા હોય છે. આ પક્ષીઓ ધ્વનિ તરંગો દ્વારા પોતાના પ્રવાસની દિશા, ગતિ, જગ્યા બધું જ નક્કી કરતા હોય છે. તેમના આ ધ્વનિ તરંગો જ તેમના મુખ્ય સંકેત હોય છે. જાણકારો માને છે કે, હાલમાં થઈ રહેલો ભયાનક ઘોંઘાટ, રાત્રી દરમિયાન ચાલુ રહેતી લાઈટો અને તેનું અત્યંત અજવાળું, મોબાઈલ નેટવર્ક માટે લગાવેલા ટાવરોમાંથી નીકળતા તરંગો પક્ષીઓના પોતાના નેટવર્કને અને નેવિગેશનને નુકસાન પહોંચાડે છે. કૃત્રિમ ઘોંઘાટ તેમના ધ્વનિ તરંગોને અવરોધે છે અને તેના કારણે તેઓ દિશાથી ભટકે છે. તેઓ ઘણી વખત સાચી દિશામાં પાછા જઈ શકતા નથી અથવા તો ઘણા કિસ્સામા સાચી દિશામાં પહોંચી શકતા નથી. બીજી તરફ કૃત્રિમ રોશની અને પ્રકાશ પ્રદુષણની વાત કરીએ તો તેનાથી પણ પક્ષીઓને ખૂબ જ નુકસાન થઈ રહ્યું છે. ઘણા કિસ્સા સામે આવ્યા છે જેમાં પ્રકાશના કારણે પક્ષીઓ અંજાઈ જાય છે અને ઈમારતો સાથે અથડાય છે. દિવસ દરમિયાન પણ મોટી ઈમારતોમાં લગાવેલા રિફ્લેક્ટર ગ્લાસના કારણે સૂર્યપ્રકાશ પાછો ફેંકાય છે અને પક્ષીઓની આંખો અંજાઈ જાય છે. તેના કારણે પણ તેમના અકસ્માત થવાના કિસ્સા સામે આવ્યા છે.

જાણકારોના મતે સ્થિતિ એવી થઈ રહી છે કે, પક્ષીઓનો નાશ થઈ રહ્યો છે અથવા તો તેઓ પોતાનું હેબિટેટ છોડે બીજે જવા લાગ્યા છે. તેની અસર એ થઈ છે કે, બીજ ફેલાવવાની પ્રક્રિયા, કિટકોની સંખ્યાને મર્યાદિત કરવાની પ્રક્રિયા અને બીજી બાબતો ખોરવાઈ રહી છે. પર્યાવરણની ફૂડ સાઈકલ પણ ખોટકાઈ રહી છે. વાયુ પ્રદુષણ અને જમીન પ્રદુષણ કે જળ પ્રદુષણ તો પર્યાવરણને નુકસાન પહોંચાડે જ છે પણ અવગણાયેલું આ ધ્વનિ પ્રદુષણ પણ પક્ષીઓનો નાશ કરવાની સાથે સાથે કુદરતની કડીને ખોરવી રહ્યું છે.

# CISF યુનિટ ONGC અંકલેશ્વર ખાતે ધ્વજવંદન સમારોહમાં અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ હાજરી આપી








CISF VMCC 2026 ની પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "SAGAR - ક્ષેત્રમાં બધા માટે સુરક્ષા અને વિકાસ" ના વિઝન સાથે સુસંગત છે, જે "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" (સુરક્ષિત કિનારો, સમૃદ્ધ ભારત) થીમ પર આધારિત છે. આ કાર્યક્રમનું આયોજન પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ના ૧૫૦ વર્ષની ઉજવણી માટે કરવામાં આવી રહ્યું છે, જેણે ભારતના સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપી અને રાષ્ટ્રીય સેવાની ભાવનામાં પેઢીઓને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખ્યું.

ઔપચારિક ધ્વજવંદન સાથે, ૨૫ દિવસની મેગા રાષ્ટ્રીય ચળવળ ઔપચારિક રીતે શરૂ થઈ કારણ કે પશ્ચિમ કિનારે CISF સાયકલિંગ ટીમ લખપત (ગુજરાત) થી રવાના થઈ. આ ટીમો ભારતના પૂર્વ અને પશ્ચિમ દરિયાકાંઠા પર આશરે ૬,૫૫૩ કિલોમીટરનું અંતર કાપશે, જેમાં નવ દરિયાકાંઠાના રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થશે, અને ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કોચી ખાતે સમાપન થશે. CISF યુનિટ ONGC અંકલેશ્વર ખાતે ધ્વજવંદન સમારોહમાં અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ હાજરી આપી હતી.

રાજેશ કુમાર (GGM ASSET મેનેજર), શ્રીમતી. ઉષા બેન વસાવા (નારી શક્તિ સન્માન પુરસ્કાર વિજેતા), કરણસિંહ એમ. રાજપૂત (મામલતદાર, અંકલેશ્વર), અનુજ જૈન (મેનેજર, SBI અંકલેશ્વર), યઝાદ અંકલેશ્વરિયા (મેનેજર, HDFC અંકલેશ્વર), અલ્પેશ ભાઈ (કા કા બા હોસ્પિટલ), દીપક બહુગુણા (NCC નેવલ કમાન્ડિંગ ઓફિસર, ભરૂચ), બિજેન્દર (ASM એસેટ સપોર્ટ મેનેજર, અંકલેશ્વર), ભૂપતસિંહ (સરપંચ બોયદરા, અંકલેશ્વર), સ્વેતા બ્યાશ (સાયકલ સવાર, ભરૂચ), જયદીપ (જનરલ મેનેજર હોટેલ લોર્ડ પ્લાઝા), જી વાય મલિક (એએસટીઓ યુનિયન, અંકલેશ્વર), શ્રીમતી. રબીના બેન (સરપંચ આંબોલી), શ્રીમતી. ધર્મિષ્ઠા બેન (સરપંચ, અડોલ), શ્રીમતી. સિલ્પા બેન. (નાયબ સરપંચ, અડોલ), જીતુભાઈ (માજી - સરપંચ, બાયોદરા).


## ૧૯૨થી વધુ ટ્રક ડ્રાઈવરોના આરોગ્યની તપાસઃહિન્ડાલ્કોએ વાગરાના દહેજમાં 'સારથી ઉત્સવ' ઉજવ્યો, સુરક્ષા પર ભાર મુકાયો




વાગરા તાલુકાના દહેજમાં હિન્ડાલ્કોના દહેજ અને પખાજણ યુનિટ દ્વારા સારથી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કંપનીના ઝજીઇ પ્રોજેક્ટ લાઈફ ઓન વ્હીલ્સ અંતર્ગત આ પહેલ ટ્રક ડ્રાઈવરોના યોગદાનને સન્માનિત કરવા, માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા અને તેમના સ્વાસ્થ્ય સુખાકારી વધારવાના હેતુથી કરાઈ હતી. આ કાર્યક્રમમાં ૧૯૨થી વધુ ટ્રક ડ્રાઈવરોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આર.ટી.ઓ. અધિકારી તેજસ પ્રજાપતિ, સહાયક આર.ટી.ઓ. એન.પી. દયમા, તાલુકા આરોગ્ય અધિકારી, તેમજ અખોડ અને દહેજ ગામના સરપંચો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. હિન્ડાલ્કો કોપરના ઉચ્ચ અધિકારીઓ બિષ્ણુ અગ્રવાલ, સુકાંત દાસ અને યુનિટ હેડ કે. કુમારવેલે આદિત્ય બિરલા ગ્રુપની સામાજિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમણે ડ્રાઈવરોને જવાબદારીપૂર્વક અને સુરક્ષિત ડ્રાઈવિંગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

સારથી ઉત્સવ દરમિયાન ડ્રાઈવરો માટે નેત્ર નિદાન અને સ્વાસ્થ્ય તપાસણી શિબિર યોજાઈ હતી. આ ઉપરાંત, શેરી નાટકો દ્વારા વ્યસન મુક્તિ અને ટ્રાફિક નિયમો અંગે સમજ આપવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ માર્ગ સુરક્ષાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતે, ડ્રાઈવરોને આદર્શ ડ્રાઈવર, પર્યાવરણ મિત્ર, કોપર સુરક્ષા સારથી અને શ્રેષ્ઠ ડિલિવરી ચેમ્પિયન જેવા વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરાયા હતા. ભાગ લેનાર તમામ ડ્રાઈવરોને ભેટ, શાલ અને ટી-શર્ટ પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

## અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટના નિકાલમાં મોટું કૌભાંડઃવૈજ્ઞાનિક પદ્ધતિને બદલે કચરો ખાડીમાં ઠાલવ્યો, કોન્ટ્રાક્ટરનું ૯૫ લાખનું પેમેન્ટ અટકાવાયું



NARMADE ENGIMECH LLP

અંકલેશ્વર શહેરમાં ઘન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. લેગેસી વેસ્ટને પ્રોસેસ કરવાના બદલે તેને સુકાવલી નજીક આવેલી ખાડીમાં ગેરકાયદેસર રીતે ઠાલવી દેવામાં આવતો હોવાનો ખુલાસો થયો છે. આ મામલે નગરપાલિકાએ કડક વલણ અપનાવી જવાબદાર કોન્ટ્રાક્ટરનું અંદાજિત ૯૫ લાખ રૂપિયાનું પેમેન્ટ રોકી દીધું છે, જ્યારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કાયદેસરની કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પ્રદૂષણ મુક્ત કરવાના હેતુથી હાથ ધરાયેલા લેગેસી વેસ્ટ પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી. સેંકડો ટન કચરાને ૩ તબક્કામાં વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવાને બદલે, વેસ્ટ સેગ્રીગેશન સાઈટની નજીક રસ્તો બનાવી અવાવરું ખાડી વિસ્તારમાં કચરો ધરબી દેવામાં આવ્યો હતો. આ અંગેની જાણ થતા નગરપાલિકા પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે સ્થળ પર આકસ્મિક દરોડા પાડ્યા હતા, જેમાં જમીન અને પાણીના સ્ત્રોતોને પ્રદૂષિત કરવાનું આ મોટું કૌભાંડ ઝડપાયું હતું.

કૌભાંડ પકડાઈ જતાં જવાબદાર કોન્ટ્રાક્ટરે લેખિતમાં પોતાની ભૂલ કબૂલ કરી છે અને ખાડીમાં ઠાલવેલો કચરો પરત હટાવી લેવાની બાંયધરી આપી બચાવનો પ્રયાસ કર્યો છે. જોકે, પર્યાવરણને થયેલા નુકસાનને જોતા તંત્ર નમતું જોખવા તૈયાર નથી. GPCBના રિજિયોનલ ઓફિસર એસ.વી. અગ્રવાલે જણાવ્યું હતું કે, બોર્ડની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી છે. તપાસનો વિગતવાર રિપોર્ટ તૈયાર થયા બાદ પર્યાવરણીય નિયમોના ઉલ્લંઘન બદલ કોન્ટ્રાક્ટર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં નિરંતર કાર્યરત તેમજ અંકલેશ્વર બ્રહ્મસમાજના પૂર્વપ્રમુખ નરેન્દ્ર ભટ્ટનું નિધન



### સીએસઆર હેડ તરીકે તેમણે ઉદ્યોગો, ગ્રામજનો અને પ્રશાસન વચ્ચે સુમેળ સ્થાપિત કરવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી

ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સમિતિ સભ્ય તથા સીએસઆર હેડ નરેન્દ્રભાઈ ભટ્ટનું સુરત સ્થિત મહાવીર હોસ્પિટલમાં કેન્સર ની ટુંકી બીમારી બાદ દુઃખદ અવસાન થયું છે. તેમના અવસાનથી ઝઘડિયા તાલુકા સહિત સમગ્ર જિલ્લો, ઉદ્યોગ જગત અને સમાજમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેઓ અંકલેશ્વર બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ રહી ચુક્યા હતા. નરેન્દ્ર ભટ્ટ સમાજસેવા અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સી.એસ.આર.) ક્ષેત્રે ખૂબ જ સક્રિય અને પ્રતિબદ્ધ વ્યક્તિ તરીકે જાણીતા હતા. ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ના સીએસઆર હેડ તરીકે તેમણે ઉદ્યોગો, ગ્રામજનો અને પ્રશાસન વચ્ચે સુમેળ સ્થાપિત કરવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તેઓ 'વન મેન આર્મી' તરીકે ઓળખાતા અને સમગ્ર ટીમ સાથે ભારે મહેનત, ઈમાનદારી અને સમર્પણ સાથે સમાજના હિત માટે કાર્યરત રહ્યા હતા. ગ્રામજનો, સરપંચો, મીડિયા, પ્રશાસન અને પોલીસ વિભાગ વચ્ચે તેઓ ખૂબ જ જાણીતા અને માનનીય હતા. કોઈપણ પ્રશ્ન હોય ગ્રામ્ય વિસ્તારનો, ઉદ્યોગનો કે પ્રશાસનિક તેનો ઉકેલ લાવવા તેઓ હંમેશા આગળ રહેતા. તેમના પ્રયત્નો અને સેવાઓ સમાજમાં સદાય સ્મરણીય રહેશે. નરેન્દ્ર ભટ્ટના અવસાનથી ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ને એક સચ્ચા સહયોગી, નિષ્ઠાવાન નેતા અને સારા મિત્રની ખોટ પડી છે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
SPITMAAN®
Sealflex™ Jointing Sheet
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# પ્રોગ્રેસ એલાયન્સ અંકલેશ્વર અને સરદાર પટેલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા વંદન-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન

અંકલેશ્વર એસ્ટેટમાં આવેલ સરદાર પટેલ વાડી ખાતે પોગ્રેસ એલાયન્સ અંકલેશ્વર અને સરદાર પટેલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા વંદન-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમે સૌના દિલ જીતી લીધા હતા. ગુજરાતના ઔદ્યોગિક નકશામાં આગવું સ્થાન ધરાવતું અંકલેશ્વર હવે સંસ્કાર અને પરિવાર મૂલ્યો માટે પણ રાજ્યભરમાં ચર્ચાનો વિષય બન્યું છે.

આ કાર્યક્રમમાં માતૃ-પિતૃ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ખુબજ ભાવવાહી હતો. જેમાં પુત્રો દ્વારા તેમના માતાપિતાની પૂજા તેમજ ઋણ સ્વીકારનો કાર્યક્રમ હતો. સમગ્ર કાર્યક્રમ ખુબજ ભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું મંચ પૂરું પાડતો આ કાર્યક્રમ માત્ર એક સામાજિક આયોજન નહીં, પરંતુ સંસ્કાર આધારિત સશક્ત પહેલ તરીકે સામે આવ્યો. યુવા પેઢીએ જાહેર મંચ પર પોતાના માતા-પિતાને નમન કરી આશીર્વાદ મેળવતા સર્જાયેલી ક્ષણોએ સમગ્ર કાર્યક્રમને ભાવવિભોર અને ઐતિહાસિક બનાવી દીધો.

Progress Alliance પ્રગતિ સાથે સંસ્કારના સંકલનનો દૃઢ અભિગમ અપનાવી રહ્યું છે, જ્યારે Shri Sardar Patel Seva Samaj Trust વર્ષોથી સમાજમાં એકતા, સેવા અને સંસ્કારનું પોષણ કરતું આવ્યું છે. બંને સંસ્થાના સંકલ્પ અને સુમેળથી “વંદન” ને રાજ્ય સ્તરની ઓળખ પ્રાપ્ત થઈ છે.

પ્રોગ્રેસ એલાયન્સના મેમ્બર દેવેન સાવલીયા એ જણાવ્યું: “અંકલેશ્વર માત્ર ઉદ્યોગ માટે નહીં, પરંતુ સંસ્કાર માટે પણ ઓળખાય — એ જ અમારું વિઝન છે.

‘વંદન’ એક કાર્યક્રમ નહીં, પરંતુ સમાજને મૂળ સાથે જોડતી એક સશક્ત પહેલ છે.”

આ પહેલ કોઈ રાજકીય કે ધાર્મિક એજન્ડા પર આધારિત નથી, પરંતુ તેની સામાજિક અસર વ્યાપક અને દીર્ઘકાલીન રહી છે.

“વંદન – ૨૦૨૬” એ રાજ્યના અન્ય શહેરો માટે પણ એક પ્રેરણાદાયી મોડેલ પૂરું પાડ્યું છે.

અંકલેશ્વરે ફરી સાબિત કર્યું છે કે ઔદ્યોગિક પ્રગતિ સાથે સંસ્કારનું સંરક્ષણ શક્ય છે — અને આ જ શહેરના ગૌરવની નવી ઓળખ બની રહી છે.





Janardan Mahant
+91 93747 27216

Dhruv Mahant
+91 70961 00434

J. Mahant & Co.

Labour Management Consultant & Advocate

- The Code on Wages, 2019
- The Industrial Relations Code, 2020
- The Code on Social Security, 2020
- The Occupational Safety, Health and Working Conditions Code, 2020

Monthly Compliance for EPF / ESIC / Labour Department, Departmental Inspection / Pay Roll Management, Labour License / Factory License / BOCW Registration/ Profesional Tax Registration


Branch Office : C-35, Narayan Square, Link Road., Bharuch. Mob: +91 70961 02434

Head Office: 304, Sankalp, Nanpura Police Street, Nanpura, Surat - 395 001, Gujarat | Mob: +91 99243 93777

janardanmahant@gmail.com | www.jmahant.com


# વંદન-૨૦૨૬ માં પ્રસંગોને જીણવટભરી રીતે આવરી લેવાયા છે જે કાબિલેદાદ છે





અંકલેશ્વર એસ્ટેટમાં આવેલ સરદાર પટેલ વાડી ખાતે પોગ્રેસ એલાયન્સ અંકલેશ્વર અને સરદાર પટેલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા વંદન-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમમાં જીનવટભરી કાળજી રાખવામાં આવી હતી તેમજ દરેક પહેલુને આવરી લેવાયો હતો.

પુત્રો દ્વારા માતાપિતાના ચરણ પખાળી ચરણ સ્પર્શ કરી વંદન કરાયા હતા. માતાપિતા અને પુત્રો એકબીજાને ગળે મળ્યા હતા. જેમાં પુત્રવધૂઓ પણ જોડાઈ હતી. સાથે સાથે પૌત્રો, પૌત્રીઓ પણ હતી. દરેક પુત્રો દ્વારા માતાપિતા પ્રત્યે સંવેદના વ્યક્ત કરતો પત્ર પણ લખ્યો હતો. તે વાંચતા દરેક માતાપિતાના આખમાં આંસુ હતા.

ઘરનું વાતાવરણ સાત્વિક બની રહે તે માટે કેટલાક સંકલ્પો લેવડાવ્યા હતા. જેમાં ઘરના સભ્યો વચ્ચે હંમેશા સામુહિક વાતચીત થવી જોઈએ તેની ઉપર ભાર આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમે સૌના દિલ જીતી લીધા હતા. આવા સાંસ્કૃતિક અને ભાવનાત્મક કાર્યક્રમોનું બધા સમાજો દ્વારા આયોજન થવું જોઈએ. જે હિન્દૂ સંસ્કૃતિની કૌટુંબિક ભાવનાને વધારે મજબૂત બનાવે છે.

કાર્યક્રમનું વિવિધ સમાજોએ પણ તેનું અનુકરણ કરી તેનું આયોજન કરવું જોઈએ તેવી હાજર સૌની ભાવના હતી. આ કાર્યક્રમ સમાજમાં હકારાત્મક બદલાવ લાવવા માટે સક્ષમ છે તેવું સૌનું તરણ હતું.

માતાપિતાના ઋણસ્વીકાર અને વંદના કાર્યક્રમમાં પુત્રોને માતાપિતાનો હાથ પકડીને આંખોમાં જોવાનું કહેવામાં આવ્યું હતું. એક જ ઘરમાં રહેતા હોવાથી સાથે બેસતાતો હોય છે પરંતુ આંખોમાં આંખ મીલાવીને વાત કરી હોય કે જોયું હોય તેવું ભાગ્યેજ બનતું હોય છે. બંનેની આંખો મળતા ભૂતકાળના સારાખોટા પ્રસંગોના દ્રશ્યો આંખ સામે તારી આવે છે. એવું સ્પષ્ટ જોઈ શકાતું હતું કે લગભગ સૌના આંખમાં આંસુ હતા. બાજુમાં બેઠેલી પુત્રવધૂઓની પણ આંખ ભીની થતી જોઈ શકાતી હતી.

માતાપિતાના હાથમાં પડી ગયેલી કરચલીઓ પુત્રોના જીવનને સુખમય અને આનંદમય બનાવવા માટે તેમને કરેલી મહેનતનો પુરાવો આપે છે. માતાપિતા બન્યા પછી જીવનમાં એક અગત્યનો વળાંક આવે છે. પોતાના સુખો અને શોખ બાજુ પાર મૂકીને દરેક માતાપિતા બાળકોની દેખભાળ અને તેમના જીવનને સુખપૂર્ણ બનાવવાના કાર્યમાં મગ્ન બની જાય છે. તે બધા દ્રશ્યો આંખ સામે તારી આવે છે. જો કે જે પુત્રો તરીકે બેઠા હતા તેમના ઘરે પણ પુત્રો આવી ગયા હોય તેવી સ્થિતી હતી તેથી સૌને એ વાતનો તો અંદાજ આવી ગયો હતો કે છોકરા એમનમ મોટા નથી થતા. જેમજેમ પુત્ર અને પુત્રવધુ માતાપિતા તરીકેના એકએક સ્ટેજમાંથી પસાર થાય છે તેમ તેમ તેમને પોતાના માતાપિતાએ પોતાના માટે આપેલ ભોગનો અહેસાસ થાય છે.

જો કે માતાપિતાના પ્રેમમાં હંમેશા માતાના પ્રેમને વધારે પ્રાધાન્ય અપાયું છે. પરંતુ પિતાનો પ્રેમ મૂક હોય છે. બહારથી કઠણ નારિયેળ જેવો પરંતુ અંદરથી માવો અને મીઠું પાણી મળે તેવો હોય છે. સસરા પણ પિતાતુલ્ય હોય છે. પુત્રવધૂઓએ તે વાત અનુભવે છે. પોતાના શોખને મારીને પણ પિતા પુત્ર અને કુટુંબના સભ્યોના શોખ અને જરૂરિયાત પુરા કરવા માટે પોતાની જાત ઘસી નાખે છે. પોતાને પડતી અગવડોનો તે કુટુંબના સભ્યોને ખ્યાલ સુદ્ધા આવવા દેતો નથી. ખિસ્સું ખાલી હોવા છતાં એવું નથી કહેતો કે પૈસા નથી. બાળકોની જીદને ખાલી ખિસ્સે પુરી કરે તે બાપ.

આ કાર્યક્રમમાં કેટલાકના માબાપ સ્વર્ગે સિધાવ્યા હતા છતાં તેમની છબી લઈને બેઠા હતા. તેમની આંખમાં પણ આંસુ હતા. માબાપે તેમને મજૂરી કરી ભણાવ્યા અને મોટા શહેરોમાં સ્થિર કર્યા. તે છબી નજર સામે તરવરી રહી હતી.

આ કાર્યક્રમમાં પુત્રોએ માતાપિતાને ચરણસ્પર્શ નમસ્કાર કરી તેમની ચાર પ્રદક્ષિણા કરી હતી. શંકર ભગવાને જ્યારે તેમના બે પુત્રો ગણેશ અને કાર્તિકેયને પૃથ્વીની ચાર પ્રદક્ષિણા કરી આવવા કહ્યું હતું ત્યારે ગણેશજીએ તેમના માતાપિતા શંકર-પાર્વતીની ચાર વખત પ્રદક્ષિણા કરીને માતાપિતાનો મહિમા વિશ્વ્ સમક્ષ રાખ્યો હતો.

આ ચાર પ્રદક્ષિણામાં પ્રથમ આભારની પ્રદક્ષિણા એટલેકે માતાપિતાનું ઋણ ના ભૂલીએ. તેમણે પ્રેમ સાથે ભણાવી ગણાવીને મોટા કર્યા . બીજી પ્રદક્ષિણા સ્વીકારની પ્રદક્ષિણા એટલેકે જેવા છે તેવા સ્વીકારી લેવા. તેમનામાં ફેરફાર કરવાની અપેક્ષા ના રાખતા પોતાનામાં ફેરફાર કરવા. ત્રીજી સમર્પણની પ્રદક્ષિણા એટલે પોતાનું જીવન બનાવવા માટે તેમને પોતાનું જીવન સમર્પણ કરીદીધું. ચોથી સહકારની પ્રદક્ષિણા એટલે એકબીજા સાથે સહકાર કેળવવો.

આ પછી માતાપિતાના ખોળામાં પુત્રોને આરામ કરવા જણાવ્યું. મોટાભાગના પુત્રો માતા તેમજ પિતાના ખોળામાં પ્રેમથી આળોટતા જોવા મળ્યા. માતાપિતાની આંખમાં આંસુ હતા. માતાપિતા પ્રેમથી તેમના માથે હાથ ફેરવતા હતા. પુત્રવધૂઓ અને પૌત્રો આ દ્રશ્ય નિહાળ્યા હતા અને તેમાં જોડાયા હતા. આ દ્રશ્યો ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન આપમેળે કરતા હોય છે.

જો કે દરરોજ આ પ્રમાણેનું આચરણ શક્ય નથી તેથી વંદનના પ્રથમ પગલાં તરીકે તેમને વંદન કરો. માબાપ જેવા છે તેવા તેમનો સ્વીકાર કરો. ઘડપણને લઈને તેમનામાં કેટલીક કમજોરીઓ આવી ગઈ હશે, તેઓ કેટલાક કામ ઈચ્છવા છતાં સારી રીતે નહિ કરી શકતા હોય, તેમણે સ્વીકારી લો. તેમનામાં કોઈ ફેરફાર આવે તેવી જીદ ના રાખો. માબાપને દુઃખી કરીને કોઈ સુખી નથી થયું. માબાપ ભગવાનની દેન છે તેને બદલી શકાતી નથી.

બાળકને ખુબ વહાલ કરો, તેને સ્પર્શ કરો. માતાપિતાને પણ સ્પર્શ કરો. તેમનો સ્પર્શ અનર્જીહાઉસ છે તે તમને એનર્જી આપશે . વહાલ કરો.

આજકાલ લોકો મોબાઈલમાં એટલા વ્યસ્ત થઇ જાય છે કે ઘરમાં ચર્ચા કરવાનું બંધ થઇ ગયું છે અથવા ઓછું થઇ ગયું છે. ત્યારથી પ્રશ્નો શરુ થયા છે. ઘરમાં સૌ સાથે બેસી ચર્ચા કરો, પોતાના પ્રશ્નોની રજુઆત કરો. એકબીજાની વાત ના ગમી હોય તો કહો. જેનાથી હલકા થઇ જવાય. જો કે તે માટે ભૂતકાળની વાતો માનસપટ પરથી દુર કરવી પડે. એકબીજા પ્રત્યે ખોટી ગ્રંથી બંધાઈ ગઈ હોય તો દૂર કરાવી પડે. નિરોગી રહેવા માટે બીજાને માફ કરી દો.

દરરોજ અડધો કલાક ઘરસભા કરવી જોઈએ. તેમને ઉદાહરણ અપાતા કહ્યું હતું કે મોટા બિઝનેસમેન આદિત્ય બિરલાના ઘરમાં રાત્રે સૌ ઘરે આવે ત્યારે તેમના દાદીમાને તેમના ફોન આપી દે. સૌ ઘરમાં એક કલાક એકબીજા સાથે વાતચીત કરે પછી દાદીમા પાસેથી ફોન લે. એકબીજાની ભુલોને માફ કરવી તે કુટુંબ ભાવનાનો પાયો છે.

આપણે નાનામાં નાના કામમાં પણ કોઈ આપણને મદદ કરી હોય તો આપણે તેમનો આભાર માનીએ છીએ. કોઈ આપણને રસ્તો બતાવ્યો હોય તો પણ થેન્ક્યુ બોલીએ છીએ. તો માતાપિતા માટે પણ આભારની લાગણી વ્યક્ત કરવી જોઈએ.

છેલ્લે માતાપિતાની આરતી કરવામાં આવી હતી. જેમાં પુત્ર, પુત્રવધુ તેમજ બાળકો જોડાયા હતા. કેટલાકના સગા બારડોલી વડોદરાથી પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા.

પુત્રોએ તેમના માતાપિતા માટે ઋણસ્વીકાર કરતો પત્ર લખ્યો હતો. જે માતાપિતાને આપવામાં આવ્યો હતો. દરેકે પોત પોતાની રીતે અલગ અલગ પત્રો લખ્યા હતા. જે વાંચતા માતાપિતાની આંખોમાં હર્ષના આંસુ જોઈ શકતા હતા.

આ કાર્યક્રમમાં માતાપિતાએ કેવી લાગણી અનુભવી તે વિષે પણ મંતવ્ય આપવા જણાવાયું. એક વડીલે કહ્યુ કે આવા કાર્યક્રમો અને તેને સાચી રીતે અનુસરવામાં આવે તો વૃદ્ધાશ્રમો બંધ થઇ જશે.

ભાઈઓએ સાસરાપક્ષમાં જઈને પણ આશીર્વાદ લેવા જોઈએ.

જયારે કાર્યક્રમમાં ભાગ લેનાર દેવેન સાવલીયાએ જણાવ્યું હતું કે કરોડો રૂપિયા ખર્ચીને પણ આજે જે લાગણી અનુભવી તે ખરીદી શકાય નહીં . આ જાગૃતિ આપણા સમાજમાં નથી તે ફેલાવવામાં આવે.

લોકોની આવી લાગણી હતી કે આવા કાર્યક્રમોનો વધારેમાં વધારે પ્રચાર થાય અને બધાજ સમજો પોતપોતાની રીતે આવા કાર્યક્રમોનું આયોજન કરે તો સમાજ માટે ઘણું લાભદાયક સાબિત થઇ શકે છે.


PERFECT SCALE SINCE - 1988

Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY

One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation

12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in

WHY US?


ENVIRONMENTAL CONSULTING & DUE DILIGENCE
- GPCB NOC / CCA approvals support
- CGWA NOC, water audit & water conservation planning
- Environmental Clearances (EC / EIA)
- EPR, Biomedical & E-Waste authorization support
- ESG assessment & sustainability framework
- Environmental Compliance & Annual Returns (Form - 4 & 5)
- Regulatory liaison for inspections, Audit & approvals
- STP / ETP performance evaluation

ENVIRONMENTAL MONITORING & LABORATORY
- Ambient Air Quality & Stack Emissions Monitoring
- Water & Wastewater Analysis
- Drinking & Ground Water Analysis
- Noise & Workplace Monitoring (Form-37)
- Soil and Hazardous Sample Analysis
- Baseline Data Studies (Air, Water, Soil, Noise)
- Industrial Hygiene Surveys
- Environmental Audit & Compliance Reporting

ACCREDITATION & CERTIFICATION

Other Services: Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems | ESG · Sustainability · Climate Action Solutions

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER



Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.

તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002